R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 12 DATE: 19-03-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## કેન્દ્ર સરકારે ફરીથી એકવાર જાતિ આધારિત અનામત નીતિની તરફેણ કરી અને સંઘના નિવેદન સામે જેટલીએ બચાવ કર્યો

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નેતા સુરેશ ભૈયાજી જોશીએ રાજસ્થાનના નાગૌર ખાતે જણાવ્યું હતું કે સમાજના સમૃધ્ધ અને વગદાર લોકો માટે શિક્ષણ અને નોકરીમાં અનામત હોવી જોઈએ નહીં.જો કે તેમનુ મંતવ્ય બૃહદ સ્વરુપે જોઈએ તો સમાજ માટે સાચી વાત છે.અનામત એવા લોકો માટે છે જેઓ નબળા છે અને અનામત નીતિ જેમના માટે સ્વીકારાઈ છે. પરંતુ વિરોધ પક્ષોએ આ બાબતે સંસદમાં તેનો વિરોધ કર્યો હતો.એમ સમજીને કે સરકાર અનામત નીતિ પર કોઈ પુનઃ વિચારણા કરવા માંગે છે જેનો પડઘો સુરેશ ભૈયાજી જોશી પાડી રહ્યા છે.



વિરોધપક્ષના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે હાલની સામાજિક અને જાતિ આધારિત અનામત નીતિ પર કોઈ પુન:વિચારણા નહીં થાય.હાલની અનામત નીતિ જ જારી રહેશે. સંઘના નેતાઓ દ્વારા અનામત મુદ્દે અપાયેલા નિવેદનો પર ચિંતા વ્યક્ત કરતાં સમાજવાદી પાર્ટી અને બહુજન પાર્ટીના સાંસદોએ રાજ્યસભામાં ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી.જેના જવાબમાં રાજ્યસભાના નેતા અને નાણાંમંત્રી અરુણ જેટલીએ જણાવ્યું હતું કે સરકારની સ્પષ્ટ નીતિ એ છે કે હાલની અનામત વ્યવસ્થા જારી રખાશે. સંઘ હાલની અનામત નીતિમાં બદલાવ કે રદ કરવાની માંગ કરી નથી. સુરેશ ભૈયાજી જોશીએ એવું કશું કહ્યું નથી.કેન્દ્રીય પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ રાજયસભામાં કહ્યુ હતું કે સરકારનું વલણ સ્પષ્ટ છે કે અનામત નીતિ ચાલુ રહે અને સંઘે અનામત નાબુદ કરવાની વાત કરી નથી.એસસી અને એસડી માટેની અનામત હટાવવાનો સવાલ પેદા જ થતો નથી.સંઘે અનામતનો અંત લાવવા નહીં પરુંત મજબુત બનાવવા અપીલ કરી છે.

સપાના સાંસદ રામગોપાલ યાદવે સરકાર પર હાલની અનામત નીતિ રદ કરવાનું કાવતરુ ઘડવાનો આરોપ મુક્યો હતો.તેમણે જણાવ્યુ હતું કે સંઘ અને સરકાર વચ્ચે કોઈ તફાવત નથી.સુરેશ ભૈયાજી જોશીના નિવેદનનો ઉલ્લેખ કરીને બસપાના સાંસદ માયાવતીએ જણાવ્યુ હતું કે બંધારણમાં એસસી, એસટી અને ઓબીસીને અનામત આપવાના સ્પષ્ટ માપદંડો વ્યાખ્યાતિત કરાયા છે.હવે સંઘના નેતાઓ આર્થિક માપદંડો આધારિત અનામતની વાતો કરી રહ્યા છે. ભાજપ સત્તા પર આવ્યો છે ત્યારથી અનામતના મુદ્દે નિવેદનો અપાઈ રહ્યા છે.

હરિયાણાં માંડ શાંત પડેલું અનામત આંદોલન ફરીથી શરુ કરવા માટે જાટોએ ધમકી આપી છે.

હરિયાણાના જાટ નેતાઓએ ફેબ્રુઆરી દરમિયાન અનામત આદોલન દરમિયાન જાટો સામે નોધાયેલા કેસો પાછા ખેચવાની માંગ કરતાં ફરી એકવાર આંદોલનની ધમકી આપી છે.આગામી ૭૨ કલાકમાં જાટ નેતાઓ તેમની માંગોના સંદર્ભમાં સબંધિત પોલીસ અધિકારીઓને આવેદનપત્રો આપશે.ગયા મહિનો ચાલેલા આંદોલમાં હરિયાણાના ૩૦ લોકોના મોત નિપજયા હતા. અને હજારો કરોડ રુપીયાનું નુકશાન પહોચ્યુ હતું.

## મની લોન્ડરીંગના મામલે મહારાષ્ટ્રના ભુતપુર્વ ડેપ્યુટી મુખ્યમંત્રી છગન ભુજબળની ધરપકડ

મહારાષ્ટ્રના ભુતપુર્વ ડેપ્યુટી મુખ્યમંત્રી અને એનસીપીના ટોચના ગણાતા નેતા એવા છગન ભુજબળની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ મની લોન્ડરીંગના કેસમાં ધરપકડ કરી હતી.દિલ્હીમાં મહારાષ્ટ્ર ભવનના નિર્માણમાં ભુજબળે મોટાપાયે ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આરોપ છે.એટલુંજ નહીં પણ આ નાણાં વિદેશોમાં મોકલી દઈને ત્યારબાદ તે જ નાણાંનું મુંબઈમાં એક રિયલ એસ્ટેટ પ્રોજેકટમાં રોકાણ કરવાનો આરોપ છે.આ જ કેસમાં ભુજબળના ભત્રીજા સમીરની ધરપકડ થઈ છે.તેમજ ભુજબળના પુત્ર પંકજની પણ ધરપકડ થવાની શક્યતા છે.કૌભાંડમાં જેનું નામ સંડોવાયેલું છે.મહારાષ્ટ્ર સદનના ૧૦૦કરોડના કોન્ટ્રેક્ટ આપવાના તેના કરતાં પણ અનેક ગણી લાંચ લીધી હતી તેવો આરોપ છે.એસીબીએ ભુજબળ,પંકજ,સમીન અને અન્ય ૧૪ લોકો સામે આ કૌભાંડમાં ચાર્જશીટ કરી છે.ભુજબળ પીડબલ્યુડીના મંત્રી હતા ત્યારે કરોડો રુપીયાની લાંચ માટેના તેમની પર આરોપો કરાયા છે.

## જવાહરલાલ નહેરુ યુની.માંથી કનૈયા સહિત અન્ય ૨૧ વિદ્યાર્થીઓની હકાલપટ્ટીની કસરત ચાલુ

જવાહરલાલ નહેરુ યુની.માં દેશ વિરોધી થયેલા સુત્રોચ્ચારના માટે કથિત ૨૧ વિદ્યાર્થીઓને ફરીથી કારણ દર્શાવો નોટીસ જારી કરવામાં આવી હતી.આ મુદે રચવામાં આવેલી સમિતએ કનૈયાકુમાર,ઉમર ખાલીદ,અને અર્નિબનને કેમ્પસમાંથી હાંકી કાઢવા માટે ભલામણ કરી હતી.કુલપતિ એમ. જગદીશકુમારે રચેલી આંતરિક તપાસ સમિતિએ પોતાના રિપોર્ટમાં કેટલાક વિદ્યાર્થીઓને વિવાદિત સમારોહ માટે દોષિત ઠરાવ્યા છે.કુટનીતિ દ્વારા વિરોધીઓને એવી જાળમાં ફસાવી દેવાય કે બિચારાને પોતાને નિર્દોષ સાબિત કરતાં આંખે પાણી આવી જાય.સરકાર આ વિદ્યાર્થીઓની પાછળ પડી ગઈ છે.અને દેશદ્રોહી સાબિત કરવાના અનેક પ્રયત્નો છતાં તેમ કરી શકી નથી.પરંતુ હવે તેમની સત્તાનો ઉપયોગ કરીને જેએનયુના કુલપતિ અને અન્ય સ્ટાફ દ્વારા કડક પગલાં લેવાઈ રહ્યા હોવાનો અહેસાસ થઈ રહ્યો છે.સાપ મરે અને લાઠી ભાંગે નહી એવો એક દાવ ખેલાઈ રહ્યો છે.ખેર, આ જંગ નથી પરંતુ તેને જેએનયુને સમરાગંણમાં ફેરવા રાજકીય જંગ ખેલવાનું દુસાહસ કોને ભારે પડશે તે સમય બતાવશે.

## અમેરિકામાં નફરતની રાજનીતિને ચરમસીમા પર લઇ જતા અમેરીકી પ્રમુખના દાવેદાર ટ્રામ્પ

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચુંટણી નજીક આવી રહી છે તેમ તેમ એકબીજા પર આકરા પ્રહારો અને મતદારોને લુભાવવાની રાજનીતિ ચરમસીમાએ પહોચી ગઈ છે.અહી રિપબ્લીકન પાર્ટીના પ્રથમ હરોળના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રામ્પ આ વખતે ધર્મના નામે રાજનીતી કરી રહ્યા છે. તેઓએ ઈસ્લામને ટાર્ગેટ બનાવીને અગાઉ પણ એક વિવાદિત નિવેદન આપ્યું હતું.ત્યારે હવે ફરી તેમણે કહ્યું છે કે વિશ્વના ૨૭ ટકા મુસ્લીમો એવા છે કે જે આતંકવાદી જેવા છે.

એક સર્વને ટાંકીને તેમણે આ દાવો કર્યો હતો જોકે અમેરિકાના સત્તાપક્ષ ડેમોક્રેટિકના રાષ્ટ્પતિ પદના ટોચના દાવેદાર હિલેરી ક્લિન્ટને ટ્રામ્પના આ નિવેદનને નફરત અને ભય ફેલાવનારુ ગણાવ્યું હતું.હિલેરીએ કહ્યુ હતું કે મને લાગે છે કેટ્રામ્પ આક્રમક બની રહ્યા છે પણ અમેરીકાની જનતાએ વિચારવું પડશે કેમકે ટ્રામ્પ અમેરિકનોને એકબીજા સાથે લડાવવાની કોશીશ કરી રહ્યા છે.

અગાઉ પણ ડોનાલ્ડ ટ્રામ્પ આ પ્રકારના વિવાદીત નિવેદન કરી ચુક્યા છે.તેઓએ અગાઉ કહ્યુ હતું કે મુસ્લીમો નફરત ફેલાવે છે, તેઓને અમેરિકા આવતા રોકવા જોઈએ કેમકે તેઓ અમેરિકાને નફરત કરે છે.તેમના આ નિવેદનની ભારે ટીકા થઈ હતી.ટ્રામ્પે કહ્યુ હતું કે આઈસનો ખાતમો કરવા માટે ૨૦ થી ૩૦ હજાર સૈનિકોની જરુર પડશે કેમકે આઈએસ એટલું મજબુત થઈ ગયું છે.

## ભારતની નેતાગીરીએ ઉગ્ર નિવેદનો આપતાં હિંદુ સગંઠનો વિરુધ્ધ આકરી પ્રતિક્રિયા આપવી જોઇએ : સ્વેટે

ધાર્મિક સ્વાતંત્રતા પર અમેરિકન પંચના એક ટોચના અધિકારીએ ભારતને સલાહ આપતાં કહ્યુ હતું કે ભારતના ટોચના નેતૃત્વએ હિંન્દુવાદી સંગઠનો દ્વારા ઊગ્ર નિવેદનો વિરુધ્ધ વધુ આકરી પ્રતિક્રિયા આપવી જોઈએ.ભારત દ્વારા તેમને એક સ્વતંત્ર સંસ્થાના સભ્ય તરીકે વિઝા જારી કરવાનો ઈન્કાર કરાતાં ભારતે એક મોટી તક ગુમાવી હોવાનું તેમણે જણાવ્યુ હતું.યુએસસીઆઈઆરએફના કમિશ્નર સ્વેટે કહ્યુ હતું કે ભારત દુનિયાનો સૌથી વિશાળ લોકતાંત્રીક દેશ છે.તેણે હવે માનવ અધિકારોના સંરક્ષણ પર લક્ષ આપતાં અમેરિકન પંચના કમિશ્નરો અને પ્રોફેશનલ્સને અનુમતિ આપવામાં રક્ષાત્મક થવું જોઈએ ખરુ પણ તેનાથી નબળાઈ જાહેર થાય છે, મજબુતી નહીં.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભ્રષ્ટાચાર ક્યાં નથી.જ્યાં જાવ અને જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર.ભ્રષ્ટાચારની રીતો અલગ અલગ છે અને ભ્રષ્ટાચારની કેપેસીટીઓ અલગ અલગ છે. સામાન્ય પટાવાળાની કક્ષાનો માણસ નાની રકમનો ભ્રષ્ટાચાર કરે, જ્યારે મોટી ખુરશી પર બેસેલો માનવી તેની કક્ષાનો ભ્રષ્ટાચાર કરે.તાજેતરમાં બ્રાઝિલના ઈતિહાસમાં સૌથી મોટા ભ્રષ્ટાચાર કૌભાંડ બદલ લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો અને દેશના ૩૨૬ શહેરોમાં વિરોધ પ્રદર્શનો યોજાયા.ભ્રષ્ટાચારમાં જેમની સંડોવણી છે તે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ છે. તેમની સામે વિરોધનો વંટોળ વધી રહ્યો છે.બ્રાઝિલના ઈતિહાસમાં સૌથી મોટા કોભાંડ અને ભ્રષ્ટાચાર બદલ લોકો તેમને દોષિત માની રહ્યા છે.તેમના વિરુધ્ધ મહાભિયોગની કામગીરી ઝડપથી થાય તેવી માંગણી કરી રહ્યા છે.ટુંકમાં લોકો એવું ઈચ્છે છે કે પ્રમુખ દિલમાં રૌસેફ સત્તા છોડે.

બ્રાઝિલના ૨૬ જેટલા જિલ્લાઓમાં તેમના વિરુધ્ધ દેખાવો ચાલી રહ્યા છે.રેલીઓ ,સુત્રોચ્ચારો થતા રહ્યા છે. સાઉ પાઉલો ખાતે તો સાડચાર લાખ લોકો વિરોધ દેખાવો માટે ઉમટી પડ્યા હતા.બ્રાઝિલીયા શહેરમાં ૧લાખ લોકો વિરોધમાં ઉતરી આવ્યા હતા.રીયો ડી જાનેરો બીચ ખાતે પણ જંગી મેદની ઉમટી હતી. પોસી સુત્રો મુજબ ૩૨૬ શહેરોમાં યોજાયેલા વિરોધ દેખાવોમાં ૩૫ લાખ લોકો ઉમટી પડ્યા હતા.દેખાવકારોએ નેશનલ ફુટબોલ ટીમના ગણવેશ જેવા પીળા ટીશર્ટ ધારણ કર્યા હતા.તે પૈકી ટીશર્ટ પર લખ્યુ હતું કે ઈમ્પીચમેન્ટ નાવ. લોકજુવાળ જોતાં પ્રમુખ ચાર વર્ષની મુદત પુરી કરે તેવી શક્યતા ભાગ્યે જ કહી શકાય.

પ્રમુખ વિરુધ્ધ ભ્રષ્ટાચારના મામલે લોકજુવાળ ફાટી નીકળ્યો છે.છતાં નોંધનીય બાબત એ છે કે સરકાર વિરુધ્ધ થતાં દેખાવો છતાં પણ પોલીસે કોઈ ઉગ્ર કાર્યવાહી કરી નથી.આપણા દેશમાં જો સરકાર વિરુધ્ધ જો કોઈ કાર્યવાહી કરવામાં આવે તો તેની અવદશા શું થાય તે તાજેતરમાં થયેલી ઘટનાઓ પરથી દેખાઈ આવે છે.લોકશાહીમાં કહેવાતા ફેર અને દુર્દશાની એક વૈવીધ્ય ભરેલી કરુણતા આ છે કે અહીંયા દેશદ્રોહ નો ગુનો દાખલ કરી જેલમાં સબડવા છોડી દેવાય છે.જ્યારે બ્રાઝિલમાં તેના પ્રમુખ વિરુધ્ધ લોકશાહી ઢબે જનતા વિરોધ કરી રહી છે.અને કરવા દેવાય છે.


**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦


**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ઈસ્લામિક સ્ટેટ દ્વારા સીરીયાના ૧૦૦ જેટલા જર્નાલીસ્ટો અને મીડીયા એક્ટીવીસ્ટોને યુએસના એજન્ટ હોવાના શકે મારી નાંખવામાં આવ્યા

તાજેતરમાં ઈસ્લામીક સ્ટેટ દ્વારા તેમના પ્રોપેગંન્ડા રુપ એક વીડીયો જારી કરવામાં આવ્યો હતો. જેમાં આ ટેરર ગ્રુપ દ્વારા ૧૦૦ જેટલા જર્નાલીસ્ટો અને મીડીયા કર્મીઓને યુએસ લેડ કોલીયેશનના એજન્ટ હોવાના નાતે મારી નાંખવામાં આવ્યા હતા તે બતાવાયું હતું.



સ્વતંત્ર ન્યુઝ એજન્સી એરા ન્યુઝ પ્રમાણે ઈસીસ સાથે સંકળાયેલ અલ-ખૈર-મીડીયા સેન્ટર સીરીયા સ્થિત દૈરા ઈરોઝ પ્રોવીન્સ દ્વારા એક ફુટેજ જારી કરવામાં આવ્યો હતો કે ઈસ્લામીક સ્ટેટના ફાઈટરર્સે ૧૦૦ જેટલા જર્નાલીસ્ટો અને મીડીયા કર્મીઓની હત્યા કરી છે અને તેની જવાબદારી લીધી હતી.આ પૈકીના કેટલાક લોકોને છેલ્લા કેટલાક દિવસોમાં તુર્કીમાં મારી નાંખવામાં આવ્યા હતા.રીપોર્ટમાં જણાવાયુ હતું કે આ વીડીયોમાં બાતાવાયું હતું કે છેલ્લા બે વર્ષમાં ઈસ્લામિક સ્ટેટ દ્વારા જર્નાલીસ્ટો અને મીડીયા કર્મીઓનો ખાતમો બોલાવી દેવાયો હતો.તેમાં એવું પણ જણાવાયું હતું કે કેટલાક ને ઈસ્લામીક સ્ટેટ સાથે સંકળાયેલા ગનમેને પાડોશી દેશ તુર્કીમાં ગોળીઓ મારી હતી.

વીડીયોમાં દર્શાવ્યા મુજબ કેટલાક જર્નાલીસ્ટ યુએસ લેડ કોલીયેશનની તરફદારી કરતાં દેખાય છે,તેમજ મીલીટંટ ગ્રુપના ઠેકાણાઓ પર જે હવાઈ હુમલાઓ કરવામાં આવ્યા તેના માટે જવાબદાર આ જર્નાલીસ્ટોને ગણાવાયા હતા.

આ ઉપરાંત ફુટેજમાં સીરીયાના બે પત્રકારો કે જેઓ કબુલ કરી રહ્યા છે કે તેમણે ઈસ્લામીક સ્ટેટની કેટલીક સીક્યુરીટીને લગતી બાબતો લીક કરી હતી અને ઈન્ટરનેશનલ કોલીયેશનને પહોચાડી હતી.વધુમાં આ ઈસ્લામીક સ્ટેટનું ગ્રુપ જર્નાલીસ્ટોને ચેતવણી આપી રહ્યું છે કે જો તેઓ હ્યુમન રાઈટસ ભંગ અંગેના કોઈપણ રીપોર્ટ જારી કરશે કે તેમાં તેમની સંડોવણી લાગશે તો તેઓએ તેની સજા ભોગવવી પડશે.ક્રુઝેડર્સ કોલીયેશન તેમને સજા કરશે. એક અનામી સીવીલ રાઈટ્સ એકટીવીસ્ટ ગલ દૈરા ઈઝોરે એરા ન્યુઝને જણાવ્યું હતું કે ખરેખર જર્નાલીસ્ટો માટે આ આત્મહત્યા કરવા જેવો સમય છે.કારણકે ઈસ્લામીક સ્ટેટના ટેરરીસ્ટોનો આતંક ચાલી રહ્યો છે.

મીડીયા કર્મીઓને ઈસ્લામીક સ્ટેટના ટેરરીસ્ટો નિશાન બનાવી રહ્યા છે.સ્વતંત્ર રીતે કામ કરતા પત્રકારો કોઈક ખાસ પાર્ટી માટે કામ કરતા હોય છે તેમાં ખાસ કરીને વેસ્ટર્ન કોલીયેશનના.તેથી આવા પત્રકારો ઈસ્લામીક સ્ટેટની સીક્યુરીટી અંગેની માહીતી લીક કરી દેતા હોય છે.જ્યાં મીલીટંટોની સ્થિતિ અને તેમના થાણાં બાબતેની ખાસ માહીતી હોય છે.પરંતુ આવા મહાન અને બહાદુર પત્રકારોના કારણે જ તમામ એટ્રોસીટી અંગેની રોજબરોજની માહીતી દુનિયાને ખબર પડે છે.સામાન્ય નાગરિકો સાથે ઈસ્લામીક સ્ટેટના આતંકીઓ કેવો વ્યવહાર કરી રહ્યા છે તેનો ચિતાર દુનિયા સમક્ષ આ નિડર પત્રકારત્વને લીધે આવે છે.

કત્લ કરવામાં આવેલ પત્રકારો પૈકી આ વિડીયોમાં જે પત્રકારને દેખાડવામાં આવ્યા તેમનુ નામ છે નાજી-અલ-જર્ફ. જર્ફ રક્કામાં એક ઓરગેનાઈઝેશન સાથે સંકળાયેલ હતા.તેમની ઠંડા કલેજે કત્લ કરવામાં આવી હતી.આ ઓરગેનાઈઝેશન ઈસ્લામીક સ્ટેટની સીરીયાના ખાસ વિસ્તારોમાં એબ્યુસ પ્રવૃતિઓનો રીપોર્ટ તૈયાર કરીને આપે છે.રક્કામાં સૌથી વધુ જર્નાલીસ્ટોની કત્લ કરવામાં આવી છે.કેટલાક પત્રકારો જેઓ તુર્કીમાં પોતાની પ્રવૃત્તિને શાંતિથી ચલાવી રહ્યા હતા તેઓનો પણ આ કત્લમાં સમાવેશ થાયછે.તુર્કી સલામત જગ્યા હોવાથી ત્યાં પત્રકારો પોતાની પ્રવૃત્તિઓ ચલાવતા હતા.જર્ફને ઈસ્લામીક સંગઠનની સાથે સંકળાયેલ એક અન્ય સગંઠને ટર્કીસ સીટી ગાઝીએન્ટેપમાં ગોળી મારી હતી.જર્ફ એડીટર-ઈન-ચીફ,તરીકે એક સીરીયન મેગેઝીનમાં કાર્યરત હતા. આ મેગેઝીન સીરીયાની સખ્ત જીવન વિશે તેમજ સીવીલ વોર વિશેના રીપોર્ટ આપતું હતું.

ગત સપ્તાહમાં સીરીયન જર્નાલીસ્ટ અહેમદ અબ્દેલ કાદર પર ઈસ્લામીક સંગઠન સાથે સંકળાયેલ ટેરર ગ્રુપ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.સદભાગ્યે તેઓ બચી ગયા હતા.આ હુમલો ઈસ્લામીક સંગઠન દ્વારા મળેલ ધમકી બાદ કરવામાં આવ્યો હતો.આ પહેલા તેમના ભાઈ ઈબ્રાહીમ અબ્દેલ કાદર અને તેમના ફેલો મીડીયા એકટીવીસ્ટ ફેરીસ હમાદીને મારી નંખાયા હતા.ઈબ્રાહીમ અબ્દેલ કાદર રક્કામાં શાંતિથી કત્લ કરાયેલ જર્નાલીસ્ટ હતા.ઈરાકી પ્રેસિડેન્ટના જણાવ્યા પ્રમાણે ક્રિશ્ચિયનો આ દેશના મુળ નાગરિકો છે.આ જાતિનું નિકંદન કાઢી નાંખવાની પ્રવૃત્તિ મીડલ ઈસ્ટમાં જે ચાલી રહી છે તે ખતરનાક છે. જો કે જે વીડીયોમાં દર્શાવ્યું છે તે માટે કેટલા બધા પત્રકારોએ નિડરતાથી સમાચારો દુનિયા સમક્ષ લાવવા પોતાના જાન કુરબાન કર્યો છે તેઓને સેલ્યુટ


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬




# સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન શું છે ?

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન(સી.બી.આઇ) ફોજદારી યાને કે વિવિધ પ્રકારના ગુનાઓને લગતી અને રાષ્ટ્રની સુરક્ષા સબંધી બાબતો અંગે જાંચ કરનારી ભારત સરકાર હસ્તકની મુખ્ય સંસ્થા છે.તા.૧ એપ્રિલ,૧૯૬૩ના રોજ રચાયેલ આ સંસ્થાનો મુદ્રાલેખ છે ઈન્ડસ્ટ્રી, ઈમ્પાર્શિયાલીટી એન્ડ ઈન્ટીગ્રીટી યાને કે પરિશ્રમ, નિષ્પક્ષપાતીપણું અને ન્યાયનિષ્ઠા.

બીજા વિશ્વયુધ્ધ સમયે અને પુરવઠા ખાતામાં થતા ભ્રષ્ટાચારની તપાસ માટે ૧૯૪૧માં તે સમયની કેન્દ્ર સરકારે સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લીશમેન્ટ(એસપીઈ)ની રચના કરી ત્યાર પછી સરકારી કર્મચારીઓ દ્વારા થતાં ભ્રષ્ટાચાર માટે ધી દિલ્હી સ્પેશીયલ પોલીસ એસ્ટાબ્લીસમેન્ટ એકટ,૧૯૪૬ કાયદો ઘડીને આ મેહમકને ગૃહ ખાતાના નિયંત્રણ હેઠળ મુકીને સરકારના તમામ ખાતાઓને આવરી લેવાયા.ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ ખાતાના પ્રધાનના નિયંત્રણ હેઠળ સીબીઆઇ કામ કરે છે.આ પ્રધાને સીબીઆઇની કામગીરી અંગેના અહેવાલો વડાપ્રધાનને સીધેસીધા જ આપવાના હોય છે. સીબીઆઈનું મુખ્ય મથક દિલ્હીમા છે. તેની હકુમતનો વિસ્તાર ભારતના તમામ કેન્દ્ર શાશિત પ્રદેશો અને જેતે રાજ્ય સરકારની સંમતિથી તે હકુમત રાજ્ય સરકારો સુધી પણ વિસ્તારી શકાય છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઇઝેશન (ઈન્ટરપોલ)આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસનું કામ કરે છે.તેના ભારત માટેના અધિકૃત એકમ તરીકે પણ સીબીઆઇ કાર્યરત છે.ભારતના બંધારણ હેઠળ સીબીઆઇની કામગીરી કેન્દ્રનો વિષય ગણાય આથી પોતાનો અહેવાલ કોઇ રાજ્યોને નહી આપતાં ભારત સરકારને આપે છે.

સીબીઆઈની કામગીરી જોઇઓ તો ઉચ્ચ કક્ષાએ રુશવતખોરી,ગંભીર પ્રકાની ઠગાઇ, ખાસ કરીને નાણાંકીય છેતરપીડી અને ઉચાપત, સમાજ વિરુધ્ધના ગુના જેમાં ખાસ કરીને આવશ્યક ચીજવસ્તુઓની સંગ્રહાખોરી, કાળાબજાર અને નફાખોરીની બાબતોનો સમાવેશ થાય છે.અને આ સંસ્થા સમગ્ર ભારત અને આતરરાષ્ટ્રીય વિભાગોમાં વહેચાયેલ છે. જે માટે સીબીઆઇને ડીએસપીઈ એકટ ૧૯૪૬ અધિનિયમ હેઠળ કાનુની સત્તા પ્રાપ્ત થયેલ છે. ગુનાની તપાસ માટેના આ સીબીઆઇ ખાતા ઉપર દેખરેખ રાખવા લાંચ રુશ્વત નિવારક કાયદાની બાબતમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી) કેન્દ્રીય તકેદારી પંચ અને અન્ય બાબતોમાં કેન્દ્ર સરકારનું ડીપાર્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ ખાતું દેખરેખ રાખે છે.

વિવિધ પ્રકારના ગુનાઓની જાંચ કરનાર સંસ્થા તરીકે સીબીઆની નામના થઇ છે. તેમાં ગુનાઓની તપાસ કરવા માટે ત્રણ મુખ્ય વિભાગો છે. ૧. એન્ટી કરપ્શન ડીવીઝન -લાંચ રુશ્વત વિરોધી વિભાગ, કેન્દ્ર સરકાર, કેન્દ્રીય જાહેર સાહસો અને કેન્દ્રીય નાણાંકીય સંસ્થાઓનો જાહેર નોકરોએ આચરેલ લાંચ રુશ્વત અને કૌભાંડોના કેસો માટે (૨) ઈકોનોમીક ક્રાઈમ્સ વિભાગ- આર્થિક ગુનાઓનો વિભાગ-આ વિભાગની કામગીરીમાં બેંકો તેમજ અન્ય નાણાંકીય કૌભાંડો, આયાત નિકાસ, અને વિદેશી હુંડિયામણના નિયમોનું ઉલ્લંઘન, વિદેશી નશીલા પદાર્થો, કેફી દ્રવ્યો, પ્રાચીન કલાકૃતિઓ, સાંસ્કૃતિક સંપત્તિની મોટેપાયે દાણચોરી અને અન્ય પ્રતિષ્ઠિત ચીજવસ્તુઓની દાણચોરીના કેસો હાથ ધરવામાં આવે છે.(૩)સ્પેશીયલ ક્રાઈમ્સ ડીવીઝન. ખાસ પ્રકારના ગુનાઓનો વિભાગ, ત્રાસ ગુજારનારાઓ,બોમ્બ ફોડનારાઓ,અરેરાટી પેદા કરતી માનવ હત્યાઓ, ધનસંપત્તિ મેળવવા અપહરણ કરનારાઓ સામેના કેસો, માફિયાઓ તેમજ અંડરવર્લ્ડ(સ્વમાન રહિત વ્યક્તિઓનું જગત)ના લોકોએ કરેલા ગુનાઓના કેસો અંગેનો વિભાગ.

સીબીઆઇ જે ગુનાઓની તપાસ કરી શકે તેની યાદી એસપીઈ એકટ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે જાહેર કરેલ હોય છે. સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટ હુકમ કરે તે તમામ કેસોના ગુનાની તપાસ કરવાનું સીબીઆઇ માટે બંધનકર્તા છે.અને તે માટે કેન્દ્ર સરકારની કોઇ પ્રકારની સંમતિ જરુરી નથી. અત્રે તેની પણ નોંધ લેવી ઘટે કે નવેમ્બર,૨૦૦૮ના સમગ્ર વિશ્વમાં મુંબઇ હુમલા પછી ત્રાસવાદી પ્રવૃત્તિઓને લગતા ગુનાની બાબતમાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી ,એનઆઇએ ની રચના કરવામાં આવી છે. જાહેર કરવામાં આવેલ અમુક ગુનાઓ અંગે જ સીબીઆઇ આપમેળે સ્વયંપ્રેરીત તપાસ(સુઓ મોટો) જ કરી શકે.ભારત દેશના કોઇપણ રાજ્યની સરહદના વિસ્તારમાં તપાસ કરવા માટે જે તે રાજ્યની પુર્વ સંમતિ લેવી જરુરી છે.કેન્દ્ર સરકાર મંજુરી આપ, પરંતુ જે તે રાજ્ય સરકારની મંજુરી હોય તો જ સીબીઆઇ તપાસ કરી શકે. નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ હાઇકોર્ટ કોઇપણ રાજ્યની મંજુરી વગર સીબીઆઇને તપાસ કરવાનો આદેશ કરી શકે છે.

આપણા દેશના લગભગ દરેક રાજધાની(પાટનગર)માં સીબીઆઇની શાખા છે અને ફરિયાદી લાંચ રુશ્વત વિરોધી શાખાનો સંપર્ક કરી શકે.કેન્દ્ર સરકાર સંમત થાય તો સીબીઆઇ રાજ્યની પોલીસે નોંધેલ ગુનાની તપાસ પોના હસ્તક લઇ શકે છે.જો કે તેવી સંમતિ આપતાં પહેલા કેન્દ્ર સરકાર સીબીઆઇનો અભિપ્રાય મેળવે છે.સીબીઆની કચેરીમાં બાતમી આપવા માટે રુબરુ જવું જરુરી નથી.ટપાલથી, ફોનથી કે અન્ય રીતે બાતમી આપી શકાય છે.પોતાનું નામ નહી આપવાની શરતે પણ બાતમી આપી શકાય છે.અને સીબીઆઇ તેનુંપાલન કરવા કાળજી રાખી તપાસ કરે છે.પરંતુ બાતમી આપનારની માહીતીની ખરાઇ કર્યા પછી જ ગુનો નોંધવામાં આવે છે અને બાતમી આપનારના નામની નોધ કોઇ રેકોર્ડમાં થતી નથી.તેમજ ઉપલા અધિકારી હોય કે કોઇ કોર્ટ હોય બાતમીદારનું નામ જણાવવામાં આવતુ નથી.

કોઇ આરોપીને પકડવા સીબીઆઇએ ઇનામ જાહેર કરેલ હોય તે સિવાયના કિસ્સામાં ગુના અંગેની માહિતી આપનારને સીબીઆઇ તરફથી કોઇ એવોર્ડ બદલો આપવામાં આવતો નથી.પોતાના ખાતાના માણસો ઉપર પણ સીબીઆઇ નજર રાખે છે.તે બાબત તેમના ખાતાના માણસો વિરુધ્ધ પણ લાંચ રુશ્વતના ગુના માટે કેસો કરેલ છે તે ઉપરથી જણાઇ આવે છે.સીબીઆઇની તપાસમાં ગુનો અંગે વિજ્ઞાન અને ટેકનોલોજી પર ભાર મુકવામાં આવે છે. ફોરેન્સિક સાયન્સના (ન્યાય સહાયક વિજ્ઞાન) રીપોર્ટ,નિષ્ણાતો,તજજ્ઞોના અભિપ્રાય મેળવવામાં આવે છે. વિદેશમાં પણ તપાસ કરવાની હોય ત્યારે સીબીઆઇ ના કાબુ બહારના સંજોગો હોઇ શકે છે. પુરાવો એકઠો કરવા જે તે દેશને પત્ર લખવામાં આવે છે અને જે તે દેશની લો એન્ફોર્સમેન્ટ એજન્સીને પુરાવો એકઠા કરવાની વિનંતી કરવામાં આવે છે. સીબીઆઇની કામગીરી પર નજર રાખવા તેના ખાતામાં જ ઘણા સ્તરનું સુપરવિઝન હોય છે.આ રીતે પુરાવાની ઝીણવટભરી રીતે ચકાસણી કરવામાં આવે છે.આથી સીબીઆઇ તપાસમાં વિલંબ પણ થતો હોય છે.જો કે ટ્રેપ કેસો એટલે કે છટકું ગોઠવી ગુનેગારને નશ્યત કરવા જેવા કેસોની તપાસ સામાન્ય રીતે વધુમાં વધુ ત્રણ મહિનામાં પુરી થતી હોય છે.પરંતુ કોઇપણ સંજોગોમાં ટ્રેપ કેસની તપાસ એક વર્ષમાં પરી થઇજવી જોઇએ એવો આગ્રહ રાખવામાં આવે છે.

ગુનાની તપાસ ઉપરાંત સીબીઆઇને ભારતના આંતરરાષ્ટ્રીય પોલીસ(ઈન્ટરપોલ) તરીકે માન્યતા આપવામાં આવી છે.ઉત્તરપ્રદેશના ગઝીયાબાદ શહેરમાં આથી તાલીમ કેન્દ્ર પણ સ્થાપવામા આવેલ છે.જ્યાં જુદા જુદા વિષયોના અભ્યાસક્રમની તાલીમ આપવાની વ્યવસ્થા છે.આ તાલીમ કેવળ સીબીઆઇના અધીકારીઓ પુરતી સીમીત નહીં રાખતા અન્ય દેશોના અધિકારીઓને પણ તાલીમ માટે પ્રવેશ મળે છે.અને તે ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર શાશિત પ્રદેશોના પોલીસતંત્રના અધીકારીઓ,જાહેર સાહસો તેમજ બેંકોના તકેદારી અધિકારીઓને તાલીમ આપવાની વ્યવસ્થા પણ છે.

ઈન્ટરનેશનલ પોલીસ ક્રિમિનલ ઓર્ગેનાઇઝેશન -આંતર રાષ્ટ્રીય પોલીસ ફોજદારી સંગઠન (આઇસીપીઓ કે ઈન્ટરપોલ) જુદા જુદા દેશોમાના કાયદાનો અમલ કરાવનાર લો એન્ફોર્સીંગ એજન્સીઓ વચ્ચેનો સહકાર મજબુત કરનાર અગત્યની સંસ્થા તરીકે ઉપસી આવેલ છે.ભારતની ઈન્ટરપોલ તરીકે આવા સહકાર માટે ભારત અને ભારત બહારની કાયદાનો અમલ કરાવનારી એજન્સીઓ વચ્ચે સીબીઆઇ કડીરુપ બને છે.સીબીઆઇ જે તે એજન્સીઓને માહીતી આપવા તેમજ માહિતી પુરી પાડવામાં સરળતા કરી આપવાનુ કામ કરે છે.ભારત અને અન્ય દેશો વચ્ચે પરસ્પર કાનુની સહાય અંગેની સંધિઓ, મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ, ટ્રીટીઝ(એમએલટી) અને પ્રત્યાર્પણ સંધિઓ, એકસ્ટ્રાડીશન ટ્રીટીઝમાં વાટાઘાટો અને આખરી નિર્ણય કરવામાં આવે છે તેમાં પણ સીબીઆઇની ભુમિકા હોય છે.ભારતમાં અને ભારતે બહાર ગુનાની તપાસ માટેના વિનંતી પત્રની બજવણી માટે સીબીઆઇ કાર્યરત રહી અનુકુળતા કરી આપે છે.

લેખક : મધુકર દિ ધ્રુવ,
(નિવૃત ન્યાયાધીશ ,
સૌ.સંદેશ)

# આસામમાં ચુંટણી પહેલાં જ ભારતીય જનતા પાર્ટીમાં ભંગાણ, એક જુથે નવો પક્ષ તુણમુલ બીજેપી રચ્યો

આસામમાં ચુંટણીની જાહેરાત થઇ છે તે સાથે જ રાજકીય પક્ષોમાં રાજરમત ચાલુ થઇ ગઇ છે.આસામ ગણપરિષદ સાથે ભ્ભારતીય જનતા પાર્ટીએ ગઠબંધન કરતાં ભાજપમાં ફુટ પડી હતી. રાજ્યમાં પાર્ટીના એક જુથે ટોચના નેતૃત્વના આ ફેંસલાથી નારાજ થઇને નવી પાર્ટી બનાવી છે.જેનું નામ રાખવામાં આવ્યું છે તુણમુલ બીજેપી. ભાજપમાંથી બળવો કરનારા નેતાઓની પાર્ટી તમામ ૨૬ બેઠકો પર ચુંટણી લડશે જે આસામ ગણપરિષદને આપવામાં આવી છે.

ભાજપથી અલગ ચોકો રચનારા જુથમાં સામેલ વિશ્વજિત ફકતે કહ્યુ હતું કે પાર્ટીએ જે પાયાના કાર્યકરો છે તેમની અવગણના કરી છે.અમે કેટલાક દિવસોમાં જ અમારા નામો જાહેર કરી દેશું.ઉલ્લેખનીય છે કે એક જમાનામાં મમતા બેનરજી કોગ્રેસની નેતા હતી અને પાછળથી તેણીએ તુણમુલ કોગ્રેસ નામે નવો પક્ષ બનાવ્યો.જે આજે પશ્ચિમ બંગાળમાં રાજ્ય કરી રહી છે.હવે ભાજપમાંથી પણ એક જુથ તુણમુલ બીજેપી નામે નવો પક્ષ રચે છે ત્યારે જોવાનું રહે છે કે તે વિધાનસભાની ચુંટણીઓમાં કેવી સફળતા મેળવે છે.

ભાજપમાં પડેલી ફુટથી વિરોધી પક્ષ ઘણો ખુશ છે.જો કે ભાજપના ટોચના નેતાઓએ આ બાબતે હજુ સુધી કશું કહ્યું નથી.આસામમાં એપ્રિલ-મેમાં વિધાનસભાની ચુંટણીઓ થનાર છે.

આસામ ગણપરિષદ અગાઉ એનડીએમાં સામેલ થઇ ચુકી છે.તેના પ્રમુખ પ્રફુલ્લ મહંતા છે જે વિદ્યાર્થી નેતા તરીકે રાજનીતીમાં આવેલા. તેઓ બે વખત આસામના મુખ્યમંત્રી રહી ચુકયા છે.રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષથી કોગ્રેસ સત્તામાં છે.અને હાલમાં તરુણ ગોગાઇ મુખ્યમંત્રી છે.ભાજપે તેની રણનીતિના ભાગરુપે આસામમાં નવા મુખ્યમંત્રી તરીકેના ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનેવાલેને પસંદ કર્યા છે.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૪૫૧૮૩૬૭

# દુનિયામાં રહેવા લાયક શહેરોની યાદીમાં ભારતનું એકપણ શહેર નથી

દુનિયામાં રહેવાલાયક ૨૩૦ શહેરોની યાદીમાં ટોચના સ્થાને ઓસ્ટ્રેયાની રાજધાની વિયેના છે અને સૌથી છેલ્લા સ્થાને ઇરાકની રાજધાની બગદાદ છે. ભારતના શહેરો ક્યાંક આ બે અંતિમની વચ્ચે છે.આપણા શહેરોને જે સ્થાન મળ્યું છે તેના માટે આપણે ગૌરવ લઇ શકીએ એમ નથી.

ટોચના પહેલા ૧૦૦ શહેરોમાં આપણે સ્થાન નથી પામતા તેથી ગૌરવ લઇ શકીએ તેમ નથી.તો બગદાદ કે ઢાકા જેવા શહેરો આપણાં કરતાં પાછળ છે એવું ગૌરવ લેવાનું કોઇ કારણ ખરુ ? હજુ એક અઠવાડિયા પહેલા ભારતના સ્વચ્છ શહેરોની યાદી પ્રગટ થઇ તેમાં મૈસુરને પ્રથમ સ્થાન મળ્યુ હતું.પરંતુ આપણે જેને સારા શહેરો કહી શકીએ તેનુ વિશ્વના સ્થાનમાં કોઇ સ્થાન નથી. આ સ્થિતિ માટે કોણ જવાબદાર ? માત્ર સરકાર જવાબદાર કે પછી પ્રજા તરીકે આપણી પણ કોઇ જવાબદારી બને છે કે કેમ તે બાબતે વિચાર કરવો જોઇએ.ગમે તેમ અને ગમે ત્યાં કચરો નાંખવો, ગંદકી કરવી,પાનની પીચકારીઓ મારવી, વિગેરે આ બધું આપણા મુળભુત સંસ્કારોમાં વણાઇ ગયું છે.સાવ જુજ લોકો આમાંથી બાકાત છે.પ્રજામાંથી સ્વચ્છતા જાળવવા માટે કોઇ આગળ આવતું નથી.અને કોઇ એકલ દોકલ આ કરે તો લોકોનો સાથ સહકાર મળતો નથી.નદીઓમાં પુજા સામાન નહી નાખવા માટે કેટલાક સમયથી શહેરની નદીઓના પુલો પર પુજા સામગ્રીનો નિકાલ કરવા માટે કુંભનું આયોજન મહાનગરપાલિકાએ કર્યુ છે. પરંતુ તેમાં ધાર્મિક માન્યતાઓ આડે આવે છે.તેથી કચરો સીધો નદીમાં નાખી દેવાય છે. સ્વચ્છતા માટે આપણી ફરજ સમજીને આપણે આપણી આસપાસનું વાતાવરણ સ્વચ્છ અને રહેવાલાયક બનાવવું જોઇએ.પરંતુ એ બાબત આપણા મુળભુત સંસ્કારોમાં નથી કે આપણે એવું કંઇ કરીએ જેને કારણે વૈશ્વિક ધોરણોમાં આપણી ગણતરી થઇ શકે.

આ જે ૨૩૦ શહેરોનો સરવે થયો છે તે મર્સર ક્વોલીટી ઓફ લાઇફ નામે થયો છે.તેમાં સ્થાનિક સરકાર અને સ્થાનિક પ્રજાએ શહેરને રહેવાલાયક બનાવવા લીધેલા પગલાંને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.જે તે શહેરના સરેરાશ નાગરિકના જીવનધોરણને તેમાં ધ્યાનમાં લેવામાં આવ્યું છે.નાગરિકોની રહેવા માટેની સુવિધા,પરિવહનની સુવિધા,રોજગારીના વિકલ્પ,વાતાવરણ વિગેરે બાબતોને ધ્યાનમાં લઇને ક્રમ નક્કી કરવામાં આવ્યા છે.અને આ વૈશ્વિક ધોરણોમાં આપણને વહેલામાં વહેલું સ્થાન છેક ૧૩૯મું મળ્યું છે.૨૩૦ શહેરોની યાદીમાં હૈદ્રાબાદ ૧૩૯માં સ્થાને,પુના ૧૪૪,બેગલોર ૧૪૫, ચેન્નઇ ૧૫૦, મુંબઇ ૧૫૨, કોલકત્તા ૧૬૦ અને રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ૧૬૧માં સ્થાને છે. ભારતને સ્માર્ટ શહેરોના દેશ બનવું છે.વિશ્વમાં અગ્રેસર બનવું છે.નંબર વનની ઇકોનોમી બનવું છે. પરંતુ રહેવાલાયક શહરોના સરવેમાં હજુ તેનું સ્થાન આટલું બધું પાછળ છે.પછી ભારતને વિશ્વમાં મહાન બનવાની દોડ માત્ર દિવાસ્વપ્ન સમી પુરવાર થશે !

( સૌજન્ય : અલકેશ પટેલના લેખના આધારે)

# લોકસભાના પુર્વ અધ્યક્ષ પુર્ણો એમ.સંગમાનું નિધન

પ્રથમ વખત ટીવી પર લોકસભા દર્શાવવાની શરુઆત થઇ ત્યારે લોકસભાના અધ્યક્ષપદે પી.એમ. સંગમા હતા.તેઓ લોકસભામાં ખુબજ લોકપ્રિય વ્યકિત હતા.લોકસભાની ઉગ્રતામય કાર્યવાહી દરમિયાન પણ તેઓ હંમેશા હસમુખા બની રહેતા.તેઓ પ્રથમ એવા લોકસભાના અધ્યક્ષ હતા જેઓ સર્વસંમતિથી ચુંટાયા હતા.બીજી વિશિષ્ટતા એ હતી કે તેઓ પહેલા આદિવાસી હતા.લોકસભાના અધ્યક્ષ તરીકે તેમનો કાર્યકાળ અજોડ હતો.લોકસભામાં નિષ્પક્ષતાથી લેવાયેલ તેમના નિર્ણયોનો સભ્યો હંમેશા આદર કરતા.

તેઓના જીવનકાળ પર દષ્ટિ કરીએ તો તેઓ ગામડામાં પશુ ચરાવતા હતા.૧૧ વર્ષની ઉમરે તેમણે પિતાનું છત્ર ગુમાવ્યું તેથી ગરીબીએ અભ્યાસ પણ છોડાવ્યો.ભુખ વેઠવી પડી હતી.સંજોગો તેમના ઉજળા બન્યા જ્યારે તેમના વિસ્તારમાં આવેલ ચર્ચના સંચાલક અને સ્કુલના સ્થાપક ઇટાલીના મિશનરીની મદદ મળી.તેમણે અભ્યાસ શરુ કરી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું.શિક્ષક,વકીલ,પત્રકારઅને છેલ્લે રાજકારણી પણ બન્યા.૧૯૭૭માં પ્રથમ વખત તેઓ ચુંટાયા હતા.પ્રથમ વખત તેઓ આદીવાસી તરીકે કેન્દ્રમાં પ્રધાન બન્યા હતા.

વિપક્ષોએ તેમને રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનાવ્યા પરંતુ તેમાં સફળતા મળી નહોતી.સોનિયા ગાંધી વિરુધ્ધ તેમણે શરદ પવારની સાથે વિદેશી કુળના મુદ્દે કોંગ્રેસ પાર્ટી છોડી.અને રાષ્ટ્રવાદી પાર્ટીમાં જોડાયા.પાછળથી તેમણે એ પણ છોડી દઇને પોતાનો પક્ષ સ્થાપ્યો. પુર્વોત્તર રાજ્યોના એક આદીવાસી રાજકારણી તરીકે તે સહુથી પ્રથમ વાર લોકસભાના સ્પીકર બન્યા હતા.તમામ રાજકારણીઓ સાથે તેઓના ઘનિષ્ઠ સબંધો હતા.

પી.એ.સંગમાની દીકરી યુપીએ સરકારના સમયમાં મંત્રી રહી ચુકી છે. આમ સંગમાના અવસાન બાદ તેમના પુત્ર અને પુત્રી તેમની રાજકીય ખોટ પુરી કરશે તેવી સહુને આશા છે.કારણે પુર્વોત્તર રાજ્યોમાંથી આવા નેતાઓ દેશને મળ્યા નથી તેથી તેમનો અમુલ્ય વારસો હવે તેમના વારસદારોએ જાળવવાનો છે.

# દેશદ્રોહ અને રાજદ્રોહમાં શું અંતર છે ?

જે દેશમાં વિભાજનની વાત કરે, આતંકવાદને ટેકો આપે,સાંપ્રદાયિક વૈમનશ્ય ઊભું કરે તે નિઃસંદેહ દેશદ્રોહી છે અને તેને દેશના સખત કાયદા હેઠળ સજા મળવી જોઇએ પણ દેશદ્રોહ અને રાજદ્રોહમાં અંતર છે. અંગ્રેજ સરકારે આઝાદીની માંગ કરનારા ભગતસિંહ જેવા યુવા દેશભક્તો પર રાજદ્રોહનો કેસ ચલાવ્યો હતો.પણ આઝાદ ભારતમાં રાજદ્રોહના આરોપ લગાવીને કોઇને ત્રાસ ન આપી શકાય.કારણકે ચુંટાયેલી સરકાર પણ ફક્ત ત્રીજા ભાગના મતોથી જ સત્તામાં આવે છે.બે તૃતીયાંશ મતદારોનો ટેકો મળ્યો નથી હોતો અને તેથી ચુંટાયેલી સરકારની કોઇ કિંમત મોટા ભાગના મતદારોને હોતી નથી.રાજકીય પક્ષો પણ સ્વાર્થ ખાતર અનહદ ઉભા થઇ ગયા છે જે આ લોકતંત્રની કરુણતા છે.પોતાની ભાવના જાહેરમાં વ્યક્ત કરી શકે છે તેથી સરકારનો વિરોધ રાજદ્રોહ કહેવાય છે.રાજદ્રોહને દેશદ્રોહ ન માની શકાય અને દેશદ્રોહ કરનારાને માફી ન આપી શકાય.

આજે દેશદ્રોહ અંગે એક મોટી ચર્ચા ચાલી રહી છે.જ્યાં રાજદ્રોહ અને દેશદ્રોહના ભેદને પરસ્પર મિક્સ કરી દેવામાં આવ્યો છે.સામાન્ય લોકોને તેમાં અંતરની ખબર નથી પડતી પણ જેઓ તેમાં ફરક સમજે છે તેમને કોઇ શાંતિ નથી. તેઓ માને છે કે ભારતમાં સાર્વભૌમત્વ અને સુરક્ષા સાથે રમત ન રમી શકાય પણ આજે તેઓ એવુંય કહે છે જે ખાણમાફીયા ખાણ ખોદવાના નામે કુદરતી સંસાધનોને રાત-દિવસ બરબાદ કરીને ઘર ભરી રહ્યા છે ત્યાં રહેનારા જન્મજાત અધિકારો, સંશાધનો છીનવી રહ્યા છે.ગંદી વસાહતો આવા માફિયા જ ઊભી કરે છે.આવા પરિબળોને દેશદ્રોહી કહેવા જોઇએ.આ બિલ્ડર માફીયા નિર્બળ વર્ગની જમીનોનો ઉપયોગ પૈસા આપી બદલાવી બહુમાળી બિલ્ડીંગો ઊભા કરી દે છે. આ કારોબારીઓ દેશદ્રોહી નથી ?

જે ઉદ્યોગપતિઓ એટલે કે જેને મોટા માણસો કહેવાય છે તેઓ બેંકના કરજની એક પાઈ પાછી ચુકવતા નથી.વ્યાજની વાત તો કરતાં જ નથી. મુળ રકમ પણ પાછી આપતા નથી. તેમની મિલ્કત વેચી પાછી મેળવાતી નથી. કારણ, મોટા રાજકીય નેતાઓનું પીઠબળ હોય છે. શું તેઓ દેશદ્રોહી નથી ? આ દેશના લોકોની મહેનતની કમાણી પડાવી જલસા કરે છે.શું તેઓ દેશદ્રોહી નથી? સરહદે જીવન હોમી દેનારા જવાનો માટે ખરીદાતા શસ્ત્ર સરંજામમાં અબજોની કટકી લેનારા દેશદ્રોહી નથી ?આખા દેશમાં ગરીબ, ખેડુત,બાળકો, નવયુવાનો પાસેથી શાળાપ્રવેશથી શરુ કરી જાતજાતની જે લાંચ લેવાય છે તે લાંચ લેનારા દેશદ્રોહી નથી ? નોકરી માટે કટકી,પ્રમોશન માટે કટકી લેવાય છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ સ્વયં આ વાત માની ગયા છે કે કોર્ટોમાં પણ ભ્રષ્ટાચાર ખદબદે છે.આવા લોકો દેશદ્રોહી નથી ?

આજે દેશમાં દેશદ્રોહની ચર્ચા ચાલે છે.તેમાં આવા પ્રશ્નોને કોઇ સ્થાન નથી. તેથી આવી ચર્ચાના કોઇ દુરગામી પરિણામો આવવાના નથી.આ પણ એક વધુ ભાવનાત્મક મુદ્દો બન્યો છે.કેટલાક દિવસ બાદ પાણીના પરપોટાની માફક ફુટી જશે.કારણ કે બુનિયાદી પ્રશ્નો જરુરી છે. તેમના પર ચર્ચા વિના સમાધાન શોધવું ,મતભેદો દુર કરવા શક્ય જ નથી.આ વાત સરકાર અને તેના ટેકેદારોએ સમજી લેવી જોઇએ.ગમે તે પક્ષના હોય,કારણ કે કોઇ પણ પક્ષ સત્તામાં આવે તેની રીત-રસમમાં ફેર નથી હોતો, સ્ટીરોયોટાઇપ શાસન ચાલે છે.

કેરળ અને પશ્ચિમ બંગાળમાં લાંબા સમયથી ડાબેરીઓનુ શાસન હતું.ત્યાંના લોકો સરકાર વિરુધ્ધ કહી શકે છે.લોકશાહીને નેવે મુકી એવુ પણ કહી શકે છે, પરિણામે નકસલવાદનો સામનો લોકોએ કરવો પડ્યો.આ ભુમિકામાં જેએનયુના વિદ્યાર્થી સંઘના અધ્યક્ષ કનૈયાની મુક્તિ બાદનું પ્રવચન અગત્યનું છે.એકબાજુ તે બાંધછોડના મુડમાં નથી.સ્વયંને નિર્દોષ દર્શાવતા મોદી સરકારની ટીકા કરી છે. કનૈયાએ ક્રાંતિનો મુદ્દો ચગાવ્યોછે. હવે દેશદ્રોહના આરંભનું શું ?ડાબેરીઓ વિરોધ કરતા નથી. એકતરફી વલણ છે. હિંદુ સમાજ તેમને દેશદ્રોહી કહે છે.પણ ડાબેરીઓ તેમના મુળ સ્થળોએ જ નિષ્ફળ ગયા છે. ભારતમાં હવે તેની અસર નથી. તેમ છતાં શું કારણ છે કે કનૈયા જેવા નવયુવક ફક્ત ડાબેરીઓએ ગોખાવેલા સુત્રોચ્ચાર કરે છે.તેઓ કોઇ ગેરંટી આપતા નથી કે જો ક્યારેય તેમની સરકાર આવી તો તેમની પાસે સમાધાન કે બ્લુપ્રિન્ટ તૈયાર છે ? જો કોઇ ઉકેલ હોત તો દુનિયામાં પરિણામો જોવા મળતાં.એક નિષ્ફળ વિચારધારાને મૃત સાપની જેમ ગળામાં લટકાવી રાખવાથી કોઇ ક્રાંતિ નહી થાય.

હવે વાત છે વ્યવસ્થા સામે હિંસાની, તો વૈદિક સંસ્કૃતિના મુખ્ય ગ્રંથ ગીતામાં જ હિંસાની વકીલાત કરવામાં આવી છે.ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે ત્રાસવાદીઓ, અત્યાચારીઓ અને દેશદ્રોહીનો વિનાશ કરવો પુણ્યપ્રાપ્તિનો આ માર્ગ છે પણ લક્ષ્ય સમાજને સુખી-સમૃધ્ધ કરવાનું છે.પોતાના પ્રયોગમાં ડાબેરીઓ નિષ્ફળ ગયા છે. તેમણે વૈદિક ગ્રંથનો ઉપયોગ કરવો જોઇએ.તેમાં દરેક વિષય પર પુરતું જ્ઞાન છે. મુશ્કેલી એક જ કે તે અપનાવવા પ્રામાણિક પ્રયાસો જ થયા નથી.બીજી બાજુ દુનિયામાં દ્વેષ જાહેર રીતે કે ખાનગી રીતે આ બાબતે શોધ થઇ રહી છે જ્યારે કે ભારતમાં આપણે જ આપણા આવા જ્ઞાનની હાંસી ઉડાવીએ છીએ. વિવેકપુર્ણ રીતભાત જ સમાજનું ભલું કરી શકશે.

લેખકઃ વિનિત નારાયણ
: સૌ.સંદેશ

શ્વાસોશ્વાસની પ્રક્રિયાને કારણે એક વ્યક્તિ દ્વારા દર મિનિટે ૦.૬ગ્રામ કાર્બન હવામાં મુક્ત થાય છે.

મનુષ્યના દાંત ખડક જેટલી મજબુતાઇ ધરાવતા હોય છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.